ખાનગી.

કેદીઓની વહેલી જેલ મુક્તિ અંગે, જીલ્લા મેજીસ્ટ્રેટ તથા જીલ્લા પોલીસ વડાનો અભિપ્રાય. -

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ક્રમાંક: પરચ-૧૧૭૦-૪૬૫૦-જ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ ૬ જુલાઈ, ૧૯૭૧.

:- પ રિ પ ત્ર :-

કાયદાની જોગવાઈઓને ધ્યાનમાં લઇ કોર્ટ તરફથી ગુન્હેગારોને કેદની સજા કરવામાં આવે છે. ભારતીય બંધારણની કલમ ૭૨ પ્રમાણે રાષ્ટ્રપતિને અને કલમ ૧૬૧ પ્રમાણે રાજ્યપાલશ્રીને કોઈપણ પ્રકારની કેદીની સજા માફ કરવાની તેમા ઘટાડો કરવાની કે બીજી સજામાં રુપાંતર કરવાની સત્તા આપવામાં આવેલ છે. રાજ્ય સરકારને આવી સત્તા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૧ અને ૪૦૨ નીચે મળેલી છે. આ સત્તાની સરકાર તરફથી યોગ્ય કિસ્સાઓમાં અમલ કરતી વખતે સામાન્ય રીતે નીચેની બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.

:૧: કેદીનો પૂર્વ ઈતિહાસ અને ચાલચલગત.
:૨: કેદીના માનસપર સજાની અને જેલ જીવનની થયેલી અસર
:૩: જેલ-જીવન દરમ્યાન કેદીની વર્તણુક.
:૪: પેરોલ અને ફરલો દરમ્યાન કેદીનું વર્તન.
:૫: જીલ્લા મેજીસ્ટ્રેટ અને જીલ્લા પોલીસ વડાનો અભિપ્રાય.
:૬: જેલ સલાહકાર સમિતિનો અભિપ્રાય.
:૭: જેલ સત્તાવાળાઓનો અભિપ્રાય.
:૮: ગુન્હાહિત કૃત્યોનો પ્રકાર તથા ગુન્હાનું કારણ.
:૯: કેદીની મુક્તિની તરફેણ કે વિરુદ્ધમાં અન્ય કારણો.

કેદીની વહેલી જેલમુક્તિ અંગે જીલ્લા પોલીસ વડા અને જીલ્લા મેજીસ્ટ્રેટના અભિપ્રાયનું વધુ મહત્વ હોય છે. કારણ કે તેથી સરકારે કેદીના પૂર્વ ઈતિહાસ અને ચાલચલગત, કેદીની મુક્તિને કારણે સ્થાનિક વાતાવરણમાં પડનારા પ્રત્યાઘાતો તથા સુલેહ શાંતી કે જાહેર સલામતિ પર પડનારી અસરથી જાણકાર થાય છે. તેથી આવા અહેવાલો સ્વયંસપૂર્ણ તર્કસંગત અને સકારણ હોવા જોઇએ. પરંતુ જેલ સત્તાવાળાઓ તરફથી આવતા કેદીઓના ૧૦ વર્ષના અહેવાલો કે કેદીની વહેલી જેલમુક્તિ અંગેની બીજી દરખાસ્તોમાંના જીલ્લા પોલીસ વડાના તથા જીલ્લા મેજીસ્ટ્રેટના અભિપ્રાયો જોતા જણાય છે કે આ અહેવાલોમાં અભિપ્રાય અંગે મોટાભાગે કોઇ કારણ -૨-

Scanned with CamScanner

દર્શાવવામાં આવતું હોતું નથી. અથવા નીચેના ચીલાચાલુ કારણો દર્શાવવામાં આવે છે:-

:૧: કેદીએ થોડા વર્ષની સજા ભોગવી છે તેથી જેલમુક્તિનો અભિપ્રાય થતો નથી.

:૨: ન્યાય કોર્ટ તરફથી માનવ હત્યા કરવા માટે જે સજા કરવામાં આવેલી છે તે વ્યાજબી છે અને જો તેઓને કાયમ મુક્તિ આપવામાં આવે તો કાયદાની દૃષ્ટિએ કોર્ટ તરફથી થયેલ કાર્યદેરારની સજાનો હેતુ જળવાઇ કે નહિ, અને તેથી સજામાં ઘટાડો કરીને કેદીને જેલમુક્તિ આપવામાં આવે તે જાહેર હિતમાં નથી.

:૩: સુલેહ શાંતિનો ભંગ થવા સંભવ હોઇ જેલમુક્તિ માટે અભિપ્રાય થતો નથી.

:૪: કેદીની મુક્તિ અંગે સામા પક્ષનો કે ગામ લોકોનો વિરોધ છે.

:૫: કેદી માથાભારે અને ઝનુની છે? જો કે આ અંગે કોઇ વિગતો આપવામાં આવતી હોતી નથી.

આ કારણો જે ઉદ્દેશથી જીલ્લા મેજીસ્ટ્રેટ પાસેથી અહેવાલો મંગાવવામાં આવે છે તે હેતુ સાથે સુસંગત નથી. જીલ્લા મેજીસ્ટ્રેટ પાસેથી આ અહેવાલો મંગાવવાનો આશય કેદીનો પૂર્વ ઇતિહાસ તથા ચાલચલગત જાણી તેની વહેલી જેલમુક્તિ અંગે સ્થાનિક વાતાવરણ અને સુલેહ શાંતિ પર પડનારા પ્રત્યાઘાતો જાણવાનો હોય છે. ઉપર જણાવેલા કારણોવાળા કે કારણો વિનાના અભિપ્રાયને કારણે આ આશય બર આવતો નથી. આ બાબત છેલ્લી કલેકટર પરિષદમાં પણ ચર્ચવામાં આવી હતી. અને તે મુજબ એવું નક્કી કરવામાં આવેલ છે કે જીલ્લા મેજીસ્ટ્રેટો તમામ અભિપ્રાયો સકારણ વિગતભર,તર્કસંગત અને મુદ્દાસર મોકલી શકે તે માટે પોલીસે આવા કિસ્સાઓની ઝીણવટભરી તપાસ કરી સ્પષ્ટ અને મુદ્દાસરનો અહેવાલ મોકલવો જોઇએ અને પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રીથી નીચેની કક્ષાના પોલીસ અધિકારીને આ અંગેનું તપાસનું કામ સોંપવું જોઇએ નહિ માટે આ અહેવાલમાં કેદીનો પૂર્વ ઇતિહાસ ચાલચલગત અને કેદીના પેરોલ અને ફર્લો વખતની વર્તણુકને ધ્યાનમાં લઇ તેની વહેલી જેલમુક્તિને કારણે સ્થાનિક સુલેહ શાંતિમાં કે જાહેર સલામતીમાં પડનારા પ્રત્યાઘાતોને લક્ષમાં લઇ તેની વહેલી જેલમુક્તિ બાબતમાં અભિપ્રાય આપવો જોઇએ. અને તેની વહેલી જેલમુક્તિની તરફેણમાં કે વિરુદ્ધમાં ખાસ કંઇ કારણ હોય તો કારણ દર્શાવવા જોઇએ.

ઉપરની સુચનાઓનું પાલન થાય તે જોવા બધા જીલ્લા મેજીસ્ટ્રેટ તથા પોલીસ અધિકારીઓને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અ.ગિ.ભટ્ટ

ઉપસચિવ,

ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય.

પ્રતિ,

પોલીસ ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.